*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC 46

## વર્લ્ડ હેરિટેજ નોમિનેશન-2020



ચર્ચામાં શા માટે ?

ધોળાવીરા વિશે :-

ડેક્કન સલ્તનતના સ્મારકો અને કિલ્લાઓ વિશે :

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-46નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- વર્ષ 2020 માટે ભારતના બે ઐતિહાસિક સ્થળોને વર્લ્ડ હેરિટેજ સૂચિમાં સમાવેશ કરવા માટે ભારત સરકારે નોમિનેશન ડોઝિયર્સ (વૃતાન્તપત્રક) રજૂ કર્યાં હતા. જેમાં ધોળાવીરાઃ એક હડપ્પન નગર અને ડેક્કન સલ્તનતના સ્મારકો તથા કિલ્લાઓનો સમાવેશ થાય છે.

## ધોળાવીરા વિશે :-

- ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખદીર બેટમાં આવેલું હડપ્પન સંસ્કૃતિનું સ્થળ છે.
- જેનું પ્રથમ વખત સંશોધન 1967માં જગતપતિ જોશી અને ત્યારબાદ 1990-91 માં આર.એસ. બિષ્ટે કર્યું હતું.
- સ્થાનિક લોકો ધોળાવીરાને કોટડા (ટીંબા) તરીકે ઓળખાવે છે.
- ધોળાવીરા ત્રણ ભાગમાં વહેંચાયેલ નગર છે તથા તેનો વિસ્તાર 775 મીટર પૂર્વથી પશ્ચિમ અને 600 મીટર ઉત્તરથી દક્ષિણ છે.
- ધોળાવીરામાંથી વિશ્વનું સૌથી જૂનું 10 અક્ષરનું સાઈનબોર્ડ મળી આવ્યું છે તથા વરસાદી પાણીના સંગ્રહ માટેનું તળાવ એટલે કે રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ મળી આવી છે.
- ધોળાવીરાનું વિશાળ સ્નાનાગર અને ગટર વ્યવસ્થા તેની મુખ્ય વિશેષતા છે.
- આ ઉપરાંત ધોળાવીરામાંથી તાંબુ ગાળવાની ભઠ્ઠી, ઓજારો, ઘરેણાં, મણકાઓ વગેરે જેવા અવશેષો મળી આવ્યાં છે.
- ધોળાવીરા લૂણી નદીના કિનારે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ડેક્કન સલ્તનતના સ્મારકો અને કિલ્લાઓ વિશે :

- ડેક્કન સલ્તનતના મુખ્ય 5 રાજ્ય હતા. આ સલ્તનતે વિંધ્યાશ્રેણી અને કૃષ્ણ નદી વચ્ચેના વિસ્તાર પર શાસન કર્યું હતું.
- ડેક્કન સલ્તનતના સ્મારકો ઈન્ડો-ઈસ્લામિક શૈલીના સ્થાપત્યો છે.
- ડેક્કન સલ્તનતના સ્મારકો અને કિલ્લાઓમાં સમાવિષ્ટ ચાર મુખ્ય સ્થળ બિદર, બીજાપુર, ગોલકોંડા અને ગુલબર્ગના કિલ્લાઓનો સમાવેશ થાય છે. જેમાં...
  - બિદરના કિલ્લામાં બહમાની અને બારીદશાહી કબરોનો સમાવેશ થાય છે.
  - બીજાપુરના કિલ્લામાં આવેલ વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા ગોળ ગુંબજનો સમાવેશ થાય છે.
  - ગોલકોંડાનો કિલ્લો પાણીના સંચાલન માટે પ્રખ્યાત છે. આ કિલ્લાની અંદર આવેલી કુતુબશાહી કબરો અને ચાર મિનારનો સમાવેશ થાય છે.
  - ગુલબર્ગના કિલ્લામાં આવેલી જામી મસ્જિદ અને સાત કબરો સાથે અર્ધગોળાકાર ગુંબજનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT